Travel Dhamaal Holidays Ghatkopar East
Call: 77388 99331 98210 38621

**૫. એનર્જીડ્રિન્કસ :** યુરોપીયન સોસાયટી ઓફ કાર્ડિયોલોજી એ જાહેર કર્યું છે કે ૯૬ ટકા એનર્જી - ડ્રિન્કસમાં કેફીનનું પ્રમાણ વધુ હોય છે. દોડનાર, ફીજીકલ એક્સરસાઈઝ કરનાર કે રાત્રે લાંબો સમય કામ કરનાર યુવાનો આ એનર્જીડ્રિન્કસ વાપરતા હોય છે.

માર્કેટમાં શારીરીક અને માનસિક કાર્યને વધારે છે એવી જાહેરાત કરી વેચાણ કરે છે. એનાથી છાતીમાં દુઃખાવો અને હૃદયના ધબકારામાં અનિયમિતતા સર્જાઈ શકે છે. એનર્જી ડ્રિન્કસના ૨૫૦ મિ.લિ.માં ૨ એસ્પ્રેશો શોટ જેટલું કેફીન હોય છે. વધુ પડતા કેફીનના કારણે ધ્રુજારી, એન્ઝાયટી અને માથાનો દુઃખાવો જેવો પ્રાથમિક લક્ષણો જોવા મળે છે એ છતાં કાળજી લેવામાં ન આવે તો હૃદયના ધબકારા અનિયમિત થાય છે, બી. પી. વધે છે, ઉલ્ટી થાય છે, આંચકી આવે છે, સાયકોસીસ (માનસિક બીમારી થાય છે). અતિશય ઓવરડોઝ થાય તો જીવલેણ પણ નિવડી શકે છે.

**૬. પોર્ટેશીયમ થી ભરપુર ખાદ્ય :** ૫૦ વર્ષથી વધુ ઉમરની ૯૦,૦૦૦ ઉપરાંત સ્ત્રીઓના ખોરાકમાં પોટેશીયમ નામના ખનીજની માત્રા પર ૧૧ વર્ષ સુધી અભ્યાસ થર્યો એમાં જણાયું કે જે સ્ત્રીઓ પોટેશીયમ વધૂ હોય તેવા ખાદ્યો બટેટા, કેળો પેર વગેરે ખાતી હતી. તેઓને મગજના સ્ટ્રોક ની તકલીફ એટલે મગજના સ્ટ્રોકની તકલીફ થતી નથી કે શક્યતા ઓછી હોય છે. (મગજને લોહી અતિ ઓછું મળવાથી થતી તકલીફ એટલે મગજના સ્ટ્રોક) આ પરથી એ ફલીત થાય છે કે ફળો, શાકભાજી કે જેમાં પોટેશીયમ વધુ હોય તે લેવા આરોગ્ય માટે ખૂબ સારું છે પણ તે કુદરતી ખાદ્યોથી મલે તો ફાયદાકી છે નહીં કે ગોળી કે સપ્લીમેન્ટ વગેરેથી.

૭. પેર : પેરનામના સ્વદિષ્ઠ મીઠા ફળમાં કુદરતી સાકર, ફ્રૂકટોઝ અને ગ્લુકોઝ હોવાથી તે ખાવાથી ત્વરીત શક્તિ મલે છે. એની ગ્લાયસી મીકસ ઈન્કેકસ ઓછી હોવાથી અને તેમાં સેચ્યુરેટેડ ફેટ (ખરાબ ચરબી) બિલ્કુલ નથી તેથી ખુબજ આરોગ્યદાયી છે તેમાં વિટામીન સી, પોટેશીયમ અને ફાયબર હોવાથી આરોગ્ય માટે સારા છે. કેડબરી ચોકલેટ મિઠાઈ, બિસ્કીટ ને બદલે આવા મીઠા ફળ ખાઈએ અને બાળકોને પણ ફળો ખાવાની આદત પાડીએ.

## જયશ્રી મોમાઈમાં શિયાલ પરિવાર (દલતુંગી), નુતન વર્ષાભિનંદન

દલતુંગી મધ્યે બિરાજમાન આપણા કુળદેવી શ્રી મોમાઈમાંની પાંચમી પહેડી તથા સ્નેહમિલન આપણે માતુશ્રી સોનાબાઈ શામજી શિયાલ પરિવારના સથવારે ઉજવીશું.

કુળદેવી શ્રી મોમાઈમાંની અમીધારા રૂપ અસીમ કૃપાથી પરિવારજનો તેમજ નિયાણી બહેન દીકરીઓના કુટુંબીજનો સાથે આ અવસરની ઉજવણી પ્રસંગે ઉમંગના ઉત્સાહથી આપણે સૌ એક અનેરી લાગણી અનુભવીશું. સંપૂર્ણ પહેડી તથા સ્નેહમિલનનો અમૂલ્ય લાભ લેનાર ભાગ્યાશાળી પરિવાર **માતુશ્રી સોનબાઈ શામજી શિયાલ** પરિવાર આ શુભ પ્રસંગે સર્વે ભાવિકોને તેમજ નિયાણી બહેન-દીકરીઓને સહપરિવાર પધારવા શ્રી મોમાઈમાં શિયાલ પરિવાર તથા લાભાર્થી પરિવાર તરફથી ભાવભર્યુ આમંત્રણ છે.

આ પ્રસંગે ભક્તિગીત તથા રાસગરબાની રમઝટ અશ્વિન સાઈયા અને સાથીઓ દીપાવશે.

**કાર્યક્રમ : રવિવાર તા.૧૮.૦૧.૨૦૧૫ સવંત ૨૦૭૧ના પોષ વદ ૧૩**
**સમય સવારે ૮.૩૦ થી રાતે ૯.૩૦**
**શુભ સ્થળ : શુભ મંગલ હોલ, એવરેસ્ટ શોપિંગ સેન્ટર, લોકમાન્ય ચોક, ડોંબિવલી (ઈ) ૪૨૧૨૦૧**

આ પ્રસંગે કોઈ પણ ભાવિકોને વ્યક્તિગત અથવા સમૂહમાં કાર્યક્રમ આપવાની ઈચ્છા હોય તેમણે તા.૧૫.૦૧.૨૦૧૫ સુધીમાં નીચે જણાવેલ કાર્યકરોને જાણ કરવા નમ્ર વિનંતી.

મહેશ રતિલાલ શિયાલ : 09028980628/09322175133
શૈલેષ નવિન શિયાલ : 09892782798
રિતેશ કાંતિલાલ શિયાલ : 09022568660
નિખિલ શરદ શિયાલ : 09819366884

**એજ લિ. શ્રી મોમાઈમાં શિયાલ પરિવાર કાર્યકર ગણ.**

॥શ્રી મોમાઈમાં શિયાળ પરિવારના જય માતાજી॥

## આશ્વાસન - એક કળા

**વનિતા**



**વિશ્વ**

અમારી પાડોશમાં રહેતાં સુમનબહેનની એકની એક દીકરી એક જીવલેણ રોગમાં મૃત્યુ પામી. એનું મુત્યુ નક્કી જ હતું અને તેના ઓથાર નીચે જ સુમનબહેનનાં છેલ્લાં થોડાં વર્ષો ગયાં હતાં, છતાં દીકરી સાચેજ ચાલી ગઈ ત્યારે તેઓ ખૂબ ભાંગી પડયાં. ન સરખું રડી શકે, ન વાત કરી શકે. તેમને હિસ્ટેરિયાના હુમલા આવવા માંડયા, બ્લડપ્રેશર સતત ઊંચું રહેવા માંડયું.

અમને બધાંને તેમની ચિંતા થાય, દુ:ખ થાય , તેમને આશ્વાસન આપવાનું મન થાય, પણ કોઈની હિંમત ન ચાલે. જે જાય તે 'ઈશ્વર ઈચ્છા બળવાન છે,''તમે કઈ પ્રવૃત્તિમાં મન પરોવો,' 'તમે રડશો તો દીકરીના આત્માને દુ:ખ થશે' એવા શબ્દ તો બોલી આવે, પણ સુમનબહેનના જખમ પર આ શબ્દો મરચું ભભરાવવા જેવું કામ કરે.

તેમને ત્યાં જવા મારા પગ ઊપડે નહીં, પણ જવું જોઈએ તેવું દબાણ સતત મનમાંથી આવ્યા કરે. જાઉં ત્યારે શું બોલવું, કેમ વર્તવું એ સમજાય નહીં. મૈત્રીનો સંબંધ પણ ખેંચે. મેં અઠવાડિયામાં બે વાર તેમની પાસે જઈ અડધો કલાક બેસવાનું નક્કી કર્યું. ચુપચાપ પાસે બેસી રહું. તેઓ રડે, કંઈ યાદ કરે તો સાંભળું, પીઠે હાથ ફેરવું. બજારમાં જાઉં તો પૂછું, કશું લાવવાનું હોય તો લાવી આપું. મને બહુ ખરાબ લાગતું કે મને આશ્વાસન આપતા આવડતું નથી.

પણ છ મહિના પછી જ્યારે સુમનબહેન જરા સ્વસ્થ થયાં ત્યારે મારે ઘરે આવ્યાં અને મારો હાથ પકડી કહે, 'તેં મને ખૂબ ટેકો આપ્યો છે, ખૂબ શક્તિ આપી છે.'

હું નવાઈ પામી. મેં તો કશું કર્યુંજ નહોતું ! મારે તેમને ટેકો આપવો હતો, શક્તિ આપવી હતી, પણ હું એ કયાં કરી શકી હતી? એમણે કહ્યું, 'જો, સમજ. કોઈ દુ:ખના પહાડ નીચે દબાઈ ગયું હોય ત્યારે એને ચીલચાલુ, સુફિયાણૂ વાતો સાંભળી ખૂબ ત્રાસ થાય. તેવે વખતે તેને કોઈ એવું જોઈતું હોય જે ચુપચાપ આવે, હળવેથી સ્પર્શે, સાંભળે, ખલેલ ન પહોંચે તેમ નાની મદદ કરે. તેં એ જ તો કર્યુ હતું.'

આશ્વાસન આપવામાં સૌથી અગત્યની બાબત છે નિસબત. માનવીય નિસબત. કોઈ દુ:ખમાં આવી પડે તે તમારા માટે 'એવા દુ:ખમાં હું નથી' એવાં વિચારથી રાજી થવાનો પ્રસંગ તો નથી ને? કે પછી તમે તેને દુન્યાવી ડહાપણ ડહોળવાનો એક મોકો તો ગણતા નથી ને? ઘણી વાર આવા પ્રસંગોએ આપણે આપણી જાતને અને બીજાઓને એ ખાતરી કરાવવા માગતા હોઈએ છીએ કે આપણે કેટલા સહૃદયી અને સંવેદનશીલ છીએ. એટલે દુ:ખ ન થયું હોય તોપણ સુ:ખનો નકાબ ઓઢીને બેસીએ છીએ, એ નકાબ સાચો છે તે સાબિત કરવા યોગ્ય શબ્દો શોધીને મીઠુંમીઠું... ડાહ્યુંડાહ્યું બોલીએ છીએ. આવી હમદર્દીમાં જે બનાવટ રહેલી છે તેની ધાર દુ:ખી વ્યક્તિને ખૂબ વાગે છે. તે તેના દુ:ખમાં, ત્રાસમાં ઉમેરો જ માત્ર કરે છે.

કોઈ કોઈનું દુ:ખ લઈ શકતું નથી, પણ મારું દુ:ખ કોઈને સમજાય છે, મારા દુ:ખમાં કોઈ ભાગ પડાવવા ઈચ્છે છે તેની અનુભૂતિ માણસને એ મુશ્કેલ સમયમાંથી બહાર આવવામાં ટેકો કરે છે.

મૃત્યુથી થયેલી ખોટ ભરપાઈ થતી નથી. તેમાં પણ એક યુવાન સ્ત્રી પોતાના પતિ કે એક મા પોતાના બાળકને ગુમાવે તેના જેવી વેદના એકેય નથી. આવા પ્રસંગે આશ્વાસનની ખૂબ જરૂર હોય છે, પણ આશ્વાસન કોઈ રીતે દુ:ખના એ કિલ્લાને ભેદીને પહોંચતું પણ નથી હોતું. શું કરવું ત્યારે? ધારો કે તમારી આસપાસમાં કોઈ યુવાન એવી સ્ત્રી છે જેણે એના પતિ ગુમાવ્યા છે કે કોઈ એવી મા છે, જેનું સંતાન ચિરવિદાય લઈ ચાલ્યું ગયું છે. તેમને તેના માટે ખૂબ જીવ બળે છે. કંઈક કરવાની ઈચ્છા થાય


**લગ્ન સંબંધી :**

કે.વી.ઓ. ચેતન કલ્યાણજી ભેદા ઉ.વર્ષ ૪૬ હાઈટ ૫'-૬", સૉફટવેર કૉમ્પ્યુટર કન્સલન્ટ ધંધો) કૉલેજ ભણતા બે બાળકો, વેલસેટ વિધૂર માટે, યોગ્ય કુંવારી, છુટાછેડા, વિધવા યુવતિ ના, કે.ડી.ઓ સમાજના વડિલો સંપર્ક કરે. નેમચંદ મારૂ (મુલુન્ડ) વેસ્ટ,

**ફોન:** 25645527 • **મો.** 9969365527

છે, તો આટલું કરી શકાયઃ

૧. તેને લાંબા સમય સુધી આશ્વાસનની જરૂર પડશે તે સમજી લેવું.

૨. તેના વર્તનમાં આવતા ઈમોશનલ અપ્સ-ડાઉન્સ માટે તૈયાર રહેવું. ક્યારેક તે ખૂબ રડે, ક્યારેક ગુમસૂમ બેસે, ક્યારેક સ્મૃતિઓ તાજી કરે તે સ્વાભાવિક છે.

૩. પતિ કે બાળકની સ્મૃતિમાં તે જે કંઈ કરવા માગે તે કરવામાં મદદ કરો. હાજર રહો. 'આના બદલે આમ કરીએ તો?' તેવાં સૂચનો બિલકુલ ન કરો.

૪. તેના રોજિંદા ક્રમમાં મદદરૂપ થાઓ. તેના કમરાની વ્યવસ્થા, તેના કૂંડાને પાણી પાવાનું, તેની ટપાલો સાચવવાની, તેનાં બિલો ભરવાનાં, ખૂટતી વસ્તુઓ, શાકભાજી વગેરે લાવી આપવાનું-આ કામો થઈ શકે. તેનાથી તેને ઘણી રાહત મળશે.

૫. ખૂબ રડી લેવું તેને માટે જરૂરી હોય છે. તેને રડવા માટે ખભો આપો. સાંત્વનનો સ્પર્શ, વીંટાળેલો હાથ શબ્દો કરતાં વધુ શાંતિ આપે છે. આવું વારંવાર કરો. વારંવાર રડવું તેને માટે સ્વાભાવિક છે. તેનાથી મન ખાલી થાય છે તે સમજો.

૬. આવા બીજા લોકો વિશે જાણો. ઈન્ટરનેટ પર આવી સાઈટ્સ હોય છે. તેનાથી તમને તેને માટે શું કરવું, પરિસ્થિતિને કેવી રીતે હળવી બનાવવી તેનું માર્ગદર્શન મળશે.

૭. આ જિંદગીભરનો ઘા છે. તે રૂઝાશે નહીં. તેમાંથી નીકળવાનું નહીં, પણ તેની સાથે રહેતા શિખવવાનું છે. માટે તેના દુઃખનો ન્યાય તોળવા ન બેસો. તેને સલાહ સૂચન પણ ન આપો. ચૂપચાપ સાથ જેવી અગત્યની અસરકારક બાબત એકેય નથી. 'આવું થાય જિંદગીમાં,''તમે બહાર નીકળો,' 'તે સ્વર્ગમાં વધુ સુખી છે' આવું બિલકુલ ન કહો. કહેવું હોય તો આ કહો, હુ શું કરું તો તમને સારું લાગશે?

૮. સલાહ કે ઉપચાર ન સૂચવવા. તે તમારું નહીં, પ્રોફેશનલ કાઉન્સેલરનું કામ છે. તેની તાલીમ તમારી પાસે હોય તો જ સલાહ ઉપચારના રસ્તે જજો. તમારે આટલું જ કરવાનું છેઃ તેની સંભાળ લો, તેને સંભાળો, તેની પીડાને આદરથી જુઓ. ધર્મ કે અધ્યાત્મની વાતો કદાચ મદદ કરે. શક્ય હોય ત્યારે તેવી વાત કરી શકો. તેઓ પતિ કે બાળકની વાત કરશે, કરવા દો. ગુસ્સે થશે, રડશે; તેમને તે મ કરવા દો. સાંભળો અને સંભાળો.

૯. ઘરની બહાર નીકળવાનું, હળવા-ભળવાનું જરૂરી છે, પણ તેમને પારણે ઘરની બહાર ન ખેંચો. પતિ કે બાળક ગુમાવ્યાના દુઃખને નોકરી ગુમાવવી, લગ્નભંગ થવો, પાળેલા પ્રાણીનું મૃત્યુ કે મા-બાપ-ભાઈ બહેનનાં મૃત્યુ સાથે ન સરખાવો.

૧૦. ક્યારેક તેમના પતિ કે બાળક વિશે તમે પણ વાત કરો. તે વખતે તે રડશે તો રડવા દો, પણ અંદરથી તેને સારું લાગશે કે પોતાના પતિ કે પોતાનું બાળક બીજાને પણ યાદ આવે છે.

૧૧. થોડો વખત સહાનુભૂતિ બતાવી અચાનક અદ્દશ્ય ન થઈ જતા. આપવાના હો તો પૂરો સાથ આપો. ફોન કરો. મધર્સ ડે, ફાધર્સ ડે પર ફોન કરો. તેમની સ્મૃતિઓને સંકોરતા રહો.

૧૨. સૌથી અગત્યનું, તેમને સ્પેસ આપો, હું સાથે છું તેવી અનુભૂતિ આપો, પણ સતત માથા પર સવાર ન રહો. તેઓ પોતે પોતાની રીતે સમાધાનના જે પ્રયત્નો કરતા હોય ત કરવાની તેને મોકળાશ આપો. તમારે ક્યારે સાથે રહેવું ને ક્યારે એકાંત આપવું તેનાં સિગ્નલ તેમના જ વર્તનમાંથી તમને મળશે. તે મુજબ વર્તો. આશ્વાસન આપવું એક કળા છે, માનવ તરીકેનો ધર્મ છે. દરેકે એ શીખવી જ જોઈએ.

***-સોનલ પરીખ, જન્મભૂમિમાંથી સાભાર***


શુભેચ્છાસહ.....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

**અસલ કલા-કસબનો સમન્વય**

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો, શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786

## SANSKAARS – OUR OPERATING SYSTEM

*TILAKCHAND LODAYA (Chennai)* **Email :ourbrotherhood@yahoo.co.in Mob.: 099406 36646**

All the computer systems work with an OPERATING SYSTEM. The hardware may be of the highest configuration and quality. But its functioning depends only on the Operating system, which could be either Windows or Linux or Mac OSX or any other make. These systems only determine the parameters and limitations of the mind of the computer.

Similarly, the human mind functions through its BELIEF SYSTEM or SANSKAARS, which works as its Operating System. These Sanskaars or belief systems are programmed almost permanently in our childhood and in the formative years. It is this system which engineers our attitudes. It governs our thoughts and actions throughout our life. Such circuits of beliefs are in thousands and our thought process follows these mental cells automatically without our knowledge or any conscious attempts. Most of the times we will not be even aware as to why you got such thoughts and reacted in a particular way. There are N number of them and they vary from individual to individual. Few examples of these belief systems are illustrated hereunder:

1. Good things done need to be reciprocated;
2. One should not look beyond self;
3. In money matters, people cannot be trusted;
4. Desire to be appreciated when one does good things;
5. Parents and husbands are to be obeyed;
6. Numerous Religious beliefs;
7. Life is for eating, drinking and merry making;
8. To get the things telling lies is essential;
9. People do work through fear only;
10. If you want something you should demand or snatch from others;
11. Superstitions;
12. Everything is predetermined;
13. I am always right;
14. I am a good for nothing person;
15. Optimism is futile.

Whenever in your daily happenings or transactions the things happen either according to or against your preset and prewired belief systems, your thoughts will automatically generate the same responses or reactions. If someone neglects you or disagrees with you or does not follow your orders or doesn't want to understand your view point, you will get angry in the same fashion as the computer will go to the next line if the 'enter' button is pressed or the spelling of 'organise' is asked for a spell check, it will give its spelling as 'organize'. For every emotion of yours like anger, indifference, love, compassion, sex, hate, envy, pride, attachment, boredom, anxiety, disappointment, regret, forgiveness, spirituality etc. few vulnerable points of your belief systems get triggered and give the precast results. Like heart beat they are involuntary . They are as certain as dark clouds rain when they become heavy or water gets converted in to snow if the temperature goes below zero degrees.

Though you know that losing temper is bad not only for good relationships but also is bad for health it erupts when the events trigger against your belief system. The problem is not the problem. The problem is your Sanskaars and the resultant attitude towards the problem. The longer I live the more I realise the impact of attitude on life. Attitude is more important than facts, the past, the education, money, circumstances, failures, success than what other people think or say or do. The remarkable thing is, we have a choice everyday regarding the attitude we will embrace for that day. We can not change our past, we can not change the fact that people will act in a certain way. We can not change the inevitable. The only thing we can do is plan on the one thing we have and that is our attitude. Take time to smell the roses. I am a part of all that I have met. But can I grow from it?

Changing Sanskaaras is not easy unless we make conscious and determined efforts in that direction. For that we have to first understand the root of the Sanskaara which makes me to involuntarily develop an attitude resulting in my predetermined reactions and responses. Today I got angry or disappointed or dejected. On self introspection I realised that the Operating System factor which worked was that in spite of doing so much of good work I was not appreciated by the concerned persons.

This I had picked up as an ignorant child when I was patted by my parents for doing new things as an encouragement. My teachers also had given me a star for doing neat and good home work. But this does not always happen in the adult and competitive world. So till I rectify this Sanskaara relating to seeking appreciation, I will be inviting the same misery and hurt. I will stop doing work for others and live against my helpful instinct and feel unhappy. So the basic wiring in the Sanskaars or belief system has to be mended. You decide that you will do the work of others for your enjoyment and satisfaction and not for seeking appreciation from others. Once this programming is done with determined thought and belief, you will not get upset or dejected when no appreciation is received from others. This fundamental amendment in the Sanskaar will change your attitude and consequently your reactions and responses will get fine tuned and you will live a much happier and peaceful life.

Our life is what our Sanskaaras make it. Modified Sanskaars on the basis of the experience gained will make life bigger, better and brighter.


શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies



લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
• સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.
૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯
સંપર્કઃ દિનેશ દેઢિયા 92234 25676


## શ્રી કે.ડી.ઓ.જૈન. જ્ઞાતિ મહાજન-કોચીન

ક.દ.ઓ.યુથ એક્સચેંજમાં ન ૧૫-૧૬-૧૭ ઓગસ્ટ ૨૦૧૪માં કોચીનનાં યુવાનો હૈદ્રાબાદ ગયેલા અને તા.૩-૪-૫ ઓક્ટોબર ૨૦૧૪નાં હૈદ્રાબાદ થી ૧૧ યુવાનો અત્રે ૧૧ જ્ઞાતિજનોનાં ઘરે પધારેલ.

હૈદ્રાબાદ યુવાનોનાં આગમનથી મલબાર ડેક્કન મિલન બીજીવાર થયેલ. અલપાઈ દહેરાસરની જાત્રા, બોટીંગ, મારારીકુલમ બીચ અને ત્યારબાદ રાસ-ગરબા-દાંડીયારાસની મજા માણીને દિવસો લાંબા અને રાત્રી નાનકડી લાગતી હતી.

રવિવાર તા. ૦૫-૧૦-૨૦૧૪ નાં કોચીન-હૈદ્રાબાદ યુવાનો માટે શ્રીમતી નમ્રતા ખોના દ્વારા ગોલ સેટીંગ નાં કાર્યક્રમનું આયોજન કરેલ. યુવાનોને પોતાના કરીયર તથા ગોલ ઉપર ધ્યાન દોરતા આ કાર્યક્રમ યુવાનોને ખૂબ જ મદદરૂપ થયેલ.

કોચીનનાં જ્ઞાતિ પ્રમુખ શ્રી કિશોર શામજી કુરૂવાનાં નેતૃત્વ હેઠળ જ્ઞાતિ મેડાવો કાર્યક્રમ હૈદ્રાબાદનાં પ્રમુખ સ્વ. શ્રી મણીકાંત મેઘજી મોમાયાને શ્રધ્ધાંજલિ આપતા શરૂ કરેલ. હૈદ્રાબાદ -કોચીનનાં યુવાનોએ પોતાના વિચારો તથા અનુભવ વ્યક્ત કરેલ.

શ્રી સુશાંગ મૈશેરી એ કાર દ્વારા સર્વેને હૈદ્રાબાદ દર્શન કરાવેલ. હૈદ્રાબાદનાં યુવાનોને શંકા હતી કે કોચીન એક નાનકડું ગામ છે, પણ જોયા બાદ ખુશ થયા કે કોચીન કેટલી સુંદર તથા ખરેખર ગોડ્’સ ઓન કન્ટ્રી છે. કોચીનનાં ભાઈઓ કેરલા મુંડમાં અને બહેનો કેરલા સાડી પહેરીને શોભામાં અભિવૃધ્ધિ કરેલ. બપોરનાં કેલનાં પત્તામાં કેરલા મીલ્સનો સ્વાદ માણીને સૌ છુટ્ટા પડયા.

તા.૦૬.૧૦.૨૦૧૪નો સોમવાર નાં આવેલા યુવાનો સૌ હૈદ્રાબાદ જવા સધાર્યા.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

## આડી ચાવી

૧. સધ્ધર, પૈસાદાર (૫)
૪. જાગૃત, સાવધાન (૪)
૬. અંદર નહીં એવું (૩)
૮. પાણી ભરવા ચપરાખ (૨)
૧૦. ચપલ, અસ્થિર (૩)
૧૧. દૂધમાં ...ની જેમ ભળી ગયા (૩)
૧૩. સાવધ ન હોય એવું (૩)
૧૪. બાજુ, ભણી (૩)
૧૬. શરાબનો પ્યાલો (૨)
૧૭. વર્ષ, પાકની મોસમ (૨)
૧૮. ચાર તોલા જેટલું માપ (૨)
૧૯. ઓછાપણું, અપૂર્ણતા (૨)
૨૦. નિમગ્ન, લીન (જોડણી છૂટ) (૪)
૨૨. એક.... હો સપનોંકા (૩)
૨૪. ચામડું, ત્વચા (૨)
૨૫. એક જીવડું (૩)
૨૭. કાદવ (૨)
૨૮. માર્ગ (૨)
૨૯. ભય, જોખમ (૩)
૩૧. દુરાગ્રહ, હઠ (૩)
૩૨. જીવ વિનાનું (૨)
૩૩. સ્વર્ગ, આસમાન (૩)
૩૪. અમુક મુદતે ભરવાની રકમ (૪)

## શબ્દાનંદ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | |
| | ■ | | ■ | ૬ | ૭ | | ■ | | ■ |
| ૮ | ૯ | ■ | ૧૦ | | | ■ | ૧૧ | | ૧૨ |
| ■ | ૧૩ | | | ■ | ૧૪ | ૧૫ | | ■ | |
| ૧૬ | | ■ | ૧૭ | | ■ | | ■ | ૧૮ | |
| | ■ | ૧૯ | | ■ | ૨૦ | | ૨૧ | | ■ |
| ૨૨ | ૨૩ | | ■ | ૨૪ | | ■ | ૨૫ | | ૨૬ |
| ■ | | ■ | ૨૭ | | ■ | ૨૮ | | ■ | |
| ૨૯ | | ૩૦ | ■ | ૩૧ | | | ■ | ૩૨ | |
| | ■ | ૩૩ | | | ■ | ૩૪ | | | |

## ઊભી ચાવી

૧. કાચું લખાણ, મુસદો (૩)
૨. લાગ્યું તો ... નહીં તો તુક્કો (૨)
૩. લખેલું ભૂંસવા વપરાય (૩)
૪. ઠસ, સત્વ (૨)
૫. રાણા પ્રતાપના ઘોડાનું નામ (૩)
૭. અવસ્થા, સ્થિતિ (૩)
૯. ઘોડાને આનાથી કાબૂમાં રખાય (૩)
૧૦. આતુરતા, તરવરાટ (૪)
૧૧. કચરા-કાંટા વગરનું (૨)
૧૨. બળદની એક પ્રકારની ચાલ (૩)
૧૪. ઝરૂખો (૩)
૧૬. નિર્દય (૩)
૧૮. પળ, ક્ષણ (૩)
૧૯. મનકી આંખે... (૨)
૨૦. છૂપી વાત (૨)
૨૧. કારકૂન (૪)
૨૩. આશ્ચર્ય, નવાઇ (૩)
૨૪. તદાણખો, ચમક (૪)
૨૬. કલકતાનું વિમાની મથક (૪)
૨૭. એક અંગ્રેજી વજન (૩)
૨૯. ઉપયોગ, અગત્ય (૨)
૩૦. પ્રતાપ, તેજ (૨)
૩૧) ન્યાયાધીશ (૨)

- વનિતા નાગડા મો. 9820810499

## PLAY : 1 TO 25

| | | | | |
|---|---|---|---|---|
| | | 25 | | |
| 10 | | 8 | | 23 |
| 13 | | 7 | 6 | 20 |
| | | 5 | | 17 |
| | 1 | | | |

Fill the Empty Boxes with consecutive Numbers in Immediate Next Box Which May be Vertical or Parellel or Cross - Up or Below.

આ પઝલને ઉકેલવાના નિયમો આ મુજબ છે : બાજુના બૉક્સમા કેટલાક આંકડા આપ્યા છે, તેને એકદમ નજીકના સમાંતર કે ઊભી કે ત્રાંસી દિશામાં એવો આંકડો મૂકવાનો છે જે ક્રમવાર તેના પછી આવતો હોય.

**Answer**

| | | | | |
|---|---|---|---|---|
| 11 | 9 | 25 | 24 | 22 |
| 10 | 12 | 8 | 21 | 23 |
| 13 | 4 | 7 | 6 | 20 |
| 3 | 14 | 5 | 19 | 17 |
| 2 | 1 | 15 | 16 | 18 |

**હાસ્ય તરંગ**

*"પરણેલી વ્યક્તિ કરતાં ન પરણેલી વ્યક્તિ વધુ જીવે છે એ વાત સાચી?"*

*"ના માત્ર ન પરણેલી વ્યક્તિને જીવન વધુ લાંબું લાગે છે."*



## ચિંતન - વિચાર

પ્રકૃતિનો ખો નીકળી રહ્યો છે. પ્લાસ્ટિકના રેપરથી અભડાતી, દારૂની તૂટેલી બાટલીઓથી પીંખાતી પ્રકૃતિને જોઈએ તો આપણું હાયર એજ્યુકેશન લાજે. કારમાંથી બિસલેરીની ખાલી બોટલ ફેંકનારો હાથ કોઈ પીએચ.ડી.ધારકનો હોઈ શકે છે. આપણે ત્યાં કચરો થવાનું મહત્તમ કારણ સરકાર નથી, નાગરિક પોતે છે. પરદેશમાં યુરોપની ગલીઓમાં ફરશો તો ખયાલ આવશે કે આપણે નાગરિક છીએ, પણ નાગરિકત્વ હજી શીખવાનું બાકી છે. જે સ્વચ્છતાનો આગ્રહ આપણે બાળકો પાસે રાખીએ છીએ એ આપણે જ કેળવી નથી શક્યા.




**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## ભગિની સમાજ માંડવીનો મેડિકલ કેમ્પ

ભગિની સમાજના માંડવી કેન્દ્ર (માનબાઈ પદમશી ભગિની સમાજ) દ્વારા વૈવિધતા ભરેલી એક ચિકિત્સા શિબીર (મેડીકલ કેમ્પ) ગુરૂવાર તા. ૨૦.૧૧.૧૪ ના તેમના મસજીદ બંદર કાર્યાલયના બંન્ને હોલોમાં યોજવામાં આવેલ, જેને માંડવી વિસ્તારના જરૂરતમંદ જનોનો જબરદસ્ત પ્રતિસાદ મળેલ.

ચિકિત્સાના અનેક પાસાંઓ જેવાકે : ડાયાબીટીઝ, બ્લડ પ્રેશર, હોમિયોપેથી સારવાર, ફીજીયોથેરપી અને ચશ્માના નંબર કાઢી કિફાયત ભાવે ચશ્મા આપવા, ફીકેલશીયમની ગોળીઓ, ગ્રાફોલોજી વિગેરે સેવાઓ પ્રદાન કરવા ઉપરાંત વ્યક્તિગત સહી ઉપરથી છુપાયેલ ટેલેન્ટનું નિદાન નિઃશુલ્ક કરી આપવામાં આવેલ. વિશેષમાં અલઝાઈમર (વિસ્મૃતિ) તેમજ ઘુંટણના દર્દોના નિવારણ ઉપર નિષ્ણાત ડોક્ટરો દ્વારા માર્ગદર્શન કરવામાં આવેલ. કુલ ૪૪૫ કેશ પેપરો બનાવવામાં આવેલાં.

આ શિબીર રોટરી કલ્બ ઓફ મુંબઈ ડાઉન ટાઉનના સહકારમાં યોજવામાં આવી હતી.

## ગદગમાં ચાતુર્માસ પરિવર્તન

ગદગ મહાજનશ્રી તરફથી ચાતુર્માસ પૂર્ણ કરેલ પરમ પૂજ્ય સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પરમ પૂજ્ય સાધ્વી શ્રી હિમાંશુશ્રીજી મ.સા. પ્રત્યે મંગલ ભાવના દર્શાવવાનો કાર્યક્રમ શુક્રવાર તા. ૭.૧૧.૧૪ના સવારના યોજવામાં આવ્યો હતો.

શ્રીમતી પરીકાબહેન પરેશ નાગડાએ શ્રી નવકાર મંત્રના પઠન સાથે અકે ગીત રજૂ કર્યું હતું. શ્રીમતી તરલાબેન કાંતિલાલ નાગડા, શ્રી હિતેન્દ્ર ખીમજી વીરા, શ્રીમતી કીર્તિબેન હર્ષદ પાસડ, શ્રીમતી જયવંતીબેન ઉપેન્દ્ર ધરમશી, શ્રી રમેશભાઈ જયચંદ નાગડા (કોપ્પળ), શ્રી વિપિન રતિલાલ મોતા, શ્રી પ્રફુલ્લ શાહ, સેક્રેટરી શ્રી સતીશ પ્રવીણચંદ લુઠીયા, ઉપ - પ્રમુખ શ્રી હરીશ શિવલાલ મુનવર તથા પ્રમુખ શ્રી નવિનચંદ શામજી લાલકાએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યા. શ્રીમતી કલ્પનાબેન વિપિન મોતાએ ભાવવાહી ગીત રજૂ કર્યું હતું.

પ્રભાવના શ્રીમતી ઉષાબેન હરીશ મુનવર તરફથી કરવામાં આવી હતી. મહાજનશ્રી તરફથી અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ઉપ - પ્રમુખ શ્રી હરીશભાઈએ કર્યું હતુ.

## ભાંડૂપમાં ચાતુર્માસ પરિવર્તન

ભાડુંપ શ્રી ક.દ.ઓ. સંઘ ભાડુંપમાં પ. પૂ. સા. શ્રી. જિનવર ગુણાશ્રીજી મ.સા. અને પ. પૂ. સા.શ્રી રત્નેશ ગુણાશ્રીજી મ.સા. એ સંવત ૨૦૭૦નું ક્રિયાશીલ ભાવનાત્મક રચનાત્મક અને ચૈતન્યશીલ ચા.મા. કરાવતાં લક્ષ્મીબેન શીયાડ, વનીતાબેન શીયાડ, કસ્તુરીબેન શીયાડ, મનોજ લોડાયા, કુમાર દંડ અને લહેરચંદ મૈશેરીએ ગુરૂદેવોના કાર્યોની ઉછળતા ભાવે અનુમોદના કરી હતી.

પ્રત્યુતરે ગુરૂદેવોએ સૌનો આભાર માની સંખ્યાબંધ પ્રસંગોને તાજા કર્યા.

રવીવાર તા. ૭ નવેંના પ. પુ. સા. શ્રી. અરૂણોદયશ્રીજી મ.સા. આદી ઠાણા શ્રી સંઘની વિનંતી સ્વીકારીને ચા.મા. પરિવર્તન નિમિત્તે પધાર્યા હતા. શ્રી લહેરચંદભાઈ અને કુમાર દંડે સ્વાગત કરી. અનુમોદના કરી. ૨૩૦ ભાવિકોએ નવકારશીનો લાભ આપ્યો. નવકારશીનો લાભ અ.સૌ. વિજયાબેન કુંવરજી હરીશ લોડાયા પરિવારે લીધો. પૂ. ગુરૂદેવે ચાર દિવસ સ્થિરતા કરતા ગચ્છના સંખ્યાબંધ શ્રમણીઓ શાતા વંદન અને શુભેચ્છા આશીર્વાદ લેવા પધારતાં અનંત સિદ્ધિમાં ભાવિકોની ભારે આવન જાવન રહી.

પુજ્યશ્રી ૯૧માં વરસમાં પ્રવેશતા લહેરચંદ મૈશેરી એ મન ભાવન ગહુંલીએ વધાવવા. શ્રી ચેતન મોતા. કુમાર દંડ, મનોજ લોડાયા અને લહેરચંદ મૈશેરી એ સાહેબને કામળી વહોરાવી.

કારતકી પૂનમે સિદ્ધાચલ પટ્ટ સમક્ષ ૧૦૮ ખમાસણાની વંદના ક્રિયા સા. શ્રી જિનવરગુણાશ્રીજી મ.સા.ની સાનિદ્યે કરતાં ૨૦૦ ભાવિકો જોડાઈ ગિરીરાજને પોંખયા હતા. મા. ધનબાઈ શોજપાર છેડા હ. જિતેન્દ્ર લોડાયા તરફથી સેવ - બુંદીનું ભાથું અપાયું.

કા. શુ. પાંચમના જ્ઞાનના એકાવન ખમાસણા આપી જ્ઞાન વંદનમાં બાળકો સહ ભાવિકો ભારે સંખ્યામાં જોડાઈ સરસ્વતીની આરાધના કરી હતી.

તા. ૭ નવેમ્બરના મહાજનશ્રી અને શ્રી સંઘ આયોજીત નવકાર મંત્રની બારમો મણકો નવકાર નિષ્ઠ શ્રી જયંત રાહી ના સાનિદ્યે સંપન્ન થયો! અ.સૌ. વિજયાબેન કુંવરજી હરશી લોડાયા રાપરવાલા પરિવાર લાભાર્થી હતા. લોડાયા પરિવારના ૭૫૩ ભાવિકો પધારતાં શ્રી રાહી સાહેબે ઉમળકે અનુમોદના કરી. નવકારના સૌ સેન્ટરોમાં સંખ્યાં અને ભાવમાં ભાંડૂપના ભક્તોને જશ આપ્યો.

શ્રી કુંવરજીભાઈએ નવકાર મંત્રની મણકાના નવકારશી સહિત શ્રી ક.વી.ઓ. સંઘ અને મુલુન્ડથી મ.સ.ા સાથે પધારેલ સંઘની પણ ઉમળકે નવકારશી કરાવી હતી.

ગણીવર્ય શ્રી કવીન્દ્રસાગરજી મ.સા. આદી ઠાણા બે ૧૫ નવેના પધારતાં શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડૂપે ભવ્ય સામૈયું કર્યું. શ્રી સંઘે સૌને આવકારો આપી રૂા. ૧૦ ની પ્રભાવના કરી.

પુજ્યશ્રીએ માંગલિકે ધર્મ સંદેશ આપ્યો.

## કારંજા મુર્તિજાપુર મહિલા મંચ

કારંજા મુર્તિજાપુર મહિલા માંચની તા. ૨૧.૯.૧૪ની બેઠક સૌ. નેહલ આશીષ મોતાના ઘરે રાખવામાં આવેલ. બે ગેમ રમાડવામાં આવી. પહેલી ગેમ ક્રોસવર્ડ હતી. જેમાં નીચે શબ્દો દિધેલા હતા. એ શબ્દો ઉપર ગોતવા. આ ગેમમાં પહેલા વિજેતા સૌ. પુર્ણિમા જગદીશ નાગડા અને બીજા નંબરે સૌ. યોગીતા બિપીન ગોસર આવેલ. બીજી ગેમમાં ૦૧ મિનીટ માં માચીસની ડબ્બીમાં રાખેલ વસ્તુ નાખવી. એમાં પહેલાં વિજેતા સૌ. ભારતી સુધિર પટેલ અને બીજા નબંરે સૌ. પાયલ જીનન લોડાયા આવેલ. વિજેતાઓનું પ્રોત્સાહન કરવામાં આવ્યું. સૌ. નેહલ આશીષ મોતા એ દિવા ડેકારેશનનું ડેમો આપ્યું.

મંચની તા. ૨૯.૧૦.૧૪ ની બેઠક સૌ. હીના જયેશ લોડાયાના ઘરે રાખવામાં આવેલ. બે ગમે રમાડવામાં આવી. જેમાં પહેલી ગેમ પાસિંગ ધ પેન હતી. જેમાં પેન પાસ કરવા અને ૪ કલરના ડૉટ હાથ ઉપર થવા જોઈએ. આ ગેમમાં પહેલાં વિજેતા સૌ. વિદ્યા દેવાંગ લોડાયા અને બીજા વિજેતા સૌ. રૂપા નંદિશ લોડાયા હતા.

બીજી ગેમમાં માથા પર પેપર રાખી હસબંડ (વર)નું નામ લખવાનું હતું. જેમાં પ્રથમ સૌ. નેહલ આશીષ મોતા અને બીજા નંબરે સૌ. સરોજ લલીત ખોના આવ્યા. વિજેતાઓનું પ્રોત્સાહન કરવામાં આવ્યું.

તા. ૫ અને ૬ ઓક્ટોબર ના દિવાળી ''નિમીત્ત ઉધોજીકા મેળાવાં'' નું આયોજન ક.દ.ઓ. મહિલા મંચ તરફથી કરવામાં આવ્યું. તેમાં વિવિધ સ્ટોલ રાખવામાં આવ્યા હતા. જેમાં ચોકલેટ, મુખવાસ, શરબત, ફરસાણ, ખાખરા, અગરબત્તી અને વિવિધ સ્ટોલ હતા. બધાજ સ્ટોલ ને સારો રિસપોન્સ મળેલ.

## સાંયરા

શ્રી સાંયરા દેરાસરજી માં (કારતક સુદ ૧૪) નાં રાતનાં. પૂ. મહાકાળી માતાજીની ભાવના સ્વ. દમયંતિબેન લક્ષ્મીચંદ લીલાધર લોડાયા પરિવાર તરફથી રાખવામાં આવેલ હતી.

કારતક સુદ ૧૫ નાં સવારનાં સિદ્ધાચલતિર્થનાં ૧૦૮ ખમાસણા દેરાસરજીના વ્યાખ્યાન હોલમાં આપવામાં આવેલ, શ્રી મણીલાલ પદમશી ખીંયશી લોડાયા - સાંયરા તરફથી રૂપિયા દશનું સંઘપુજન કરવામાં આવેલ. તેજ દિવસે બપોરનું સ્વામિ વાત્સલ્ય જમણ સચ્ચાઈ માતાજીને નમતા લોડાયા પરિવાર ના ભાવિકો તરફથી હતું. શ્રી સંઘપૂજન નો લાભ પૂ. માતુશ્રી વાલબાઈ દામજી ધ્રોળ પરિવાર સાંયરા તરફથી કરવામાં આવેલ.

કારતક સુવદ ૧ નાં કોઠારા થી પ.પૂ. સાધ્વી મ.સા. કીર્તીશ્રેણાજી તથા પ.પૂ. સાધ્વીજી મ.સ.ા આનંદ કોરણાજી ચાતુર્માસ પરિવર્તન કરી સંઘ સાથે કોઠારા થી સાંયરા પધારેલ તેમનું સામૈયું

સાંયરા સંઘ તરફથી વાજતે - ગાજતે કરવામાં આવેલ હતું. કોઠારા સંઘ તરફથી ઘરદીઠ સાકરની લહાણી અને સંઘપૂજન રૂપિયા દશ કરવામાં આપેલ.

કારતક સુદ ૧ ના સુથરી થી પ. પૂ. સાધ્વી મ.સા. જયકીર્તીજી ચાતુર્માસ પરિવર્તન કરી સાંયરા પધારેલ તેમનું પણ સાંયરા સંઘ તરફથી વાજતે - ગાજતે સામૈયું કરવામાં આવેલ. સુથરી સંઘ તરફથી રૂપિયા દશનું સંઘ પૂજન કરવામાં આવેલ. સાંયરા મહાજન તરફથી નવકારશીની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

## વારાપધ્ધર લાલકા પરિવારની પહેડી

વારાપધ્ધરમાં ચામુંડામાતાજીને નમતા લાલકા પરિવાર દ્વારા તા. ૬.૧૧.૧૪ કારતક સુદ ૧૫ ના પેડી તથા હવન સારી રીતે થયેલ. બાંડીયા, નેત્રા, નલીયા, આદીપુર, વાપી, વડોદરા, ઘાટકોપર, ઐરોલી, ડોંબિવલી, હૈદરાબાદ, થી ૬૦ ભાવિકો પધારેલ.

પેડી તથા હવનના દાતાનો લાભ અ.સૌ. જ્યોતીબેન કાન્તીલાલ લાલકા (આદિપુર) લીધેલ. ૨૦૧૫ કારતક સુદ ૧૫ ના દાતાનો લાભ. ચાંપશી જેઠાભાઈ લાલકા વારાપધ્ધર હસ્તે : રાજેશભાઈ (વાપી) લીધેલ છે. ૨૦૨૨ સુધી નામ આવી ગયેલ છે. વ્યવસ્થા : રાકેશ (બરોડા) રાજેન્દ્રભાઈ (નેત્રા), રાજેશભાઈ (વાપી) વિપુલ કાન્તીલાલ (આદિપુર), તિલક (ડોંબિવલી).

વારાપધ્ધર ગામનાં ભાઈઓ. દેરાસરનાં પુજારી. અતિથીઘરનાં શીવુભા બાપુ એ સારો સાથ સહકાર આપેલ.

## વર્ધમાનનગર મધ્યે શ્રી ભક્તામર મહાપૂજન યોજાયું

ભુજ નજીક વર્ધમાન નગરે પૂ. સાધ્વીશ્રી ધર્મકિર્તીશ્રીજી મ.સા. આદિઠાણા - ૩ નાં ચાતુર્માસ પૂર્ણાહુતિ પ્રસંગે શ્રી વર્ધમાન શ્વે. જીનાલય ટ્રસ્ટ દ્વારા શ્રી ભક્તમાર મહાપૂજન અચલગચ્છ જૈન ઉપાશ્રય વર્ધમાનનગર મધ્યે યોજાયું હતું. પૂજ્યશ્રીઓની પાવનકારી નિશ્રામાં પૂજનનાં વિધિ વિધાન સુપ્રસિદ્ધ વિધિકાર શ્રી રાજાનંદુએ જ્યારે સંગીતકાર નીશાબેન એન્ડ પાર્ટીએ ભારે રમઝટ જમાવી હતી.

રાજ્યમંત્રી શ્રી તારાચંદભાઈ છેડા, પી.સી. શાહ, દિપક લાલન, પ્રબોધ મુનવર, અરવિંદભાઈ શાહ, કલ્પેશ રાજા તથા ભુજ અને વર્ધમાનનગર વાસીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. દરેક ગાથાઓનો લાભ વિવિધ ભાગ્યશાળી પરિવારોએ લીધો હતો.

## વર્ધમાનનગર મધ્યે દીક્ષાર્થીનું સન્માન કરાયું

દીક્ષાર્થી અક્ષયકુમાર મહેશ નિશર વર્ધમાનનગર આવી પહોંચતા વર્ધમાનનગર મધ્યે પૂ. સાધ્વી શ્રી ધર્મકિર્તીશ્રીજી મ.સા.ની. શુભ પાવન નિશ્રામાં શ્વેતામ્બર જિનાલય ટ્રસ્ટ દ્વારા તેઓશ્રીનું બહુમાન કરવામાં આવેલ.

તેઓશ્રી અગામી તા. ૨૯ જાન્યુઆરીનાં પાલીતાણા મહાતીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.ની શુભ પાવન નિશ્રામાં દીક્ષા ગ્રહણ કરશે.

દિપક લાલન, મુરજીભાઈ છેડા, જયાબેન મુનવર, રીનાબેન ઝવેરી, લીલાવંતીબેન છેડા, દમયંતિબેન મોતાનાં વરદ હસ્તે તેઓનું બહુમાન કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રબોધ મુનવરે કર્યું હતું.

## છ'રી પાલક સંઘનું કોઠારામાં સામૈયું

શ્રી ગઢશીશા તીર્થથી સુથરી તીર્થ અને ગુણપાર્શ્વ તીર્થ દેઢીયાનો છ'રી પાલક સંઘ સાહિત્ય સમ્રાટ પ.પૂ. આચાર્ય ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., શ્રમણ - શ્રમણીવૃંદ સાથે અબડાસા પંચતીર્થીના કોઠારા ગામે આવી પહોંચતા શ્રી કોઠારા જૈન સંઘ દ્વારા સંઘનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવેલ.

સંઘ માતા ગંગાબેન તથા સંઘપતિ ગોવિંદજીભાઈ ગડાનું કોઠારા જૈન સંઘ વતી રાયચંદ લોડાયા, દીનેશ અજાણી તથા ચન્દ્રકાંત મુનવરે બહુમાન કર્યું હતું. તોરલબેને સ્વાગત ગીત રજુ કર્યું હતું. પ્રખર પ્રવચનકાર પૂ. મુનિરાજ શ્રી પુર્ણભદ્રસાગરજી મ.સા.એ. ધર્મનો મહિમા સમજાવ્યો હતો. પૂ. આચાર્ય ભગવંતશ્રીએ કોઠારા તીર્થ અને તીર્થ અને તીર્થ જિનાલયનું નિર્માણ કરનાર દાતાશ્રીઓની ભાવનાઓને બિરદાવી હતી. છ'રી પાલક સંઘનાં સંઘપતિ શ્રી પરિવાર દ્વારા જિનાલયનાં પુજારી તથા સંસ્થાઓના કર્મચારીઓનું બહુમાન કરવામાં આવેલ. કોઠારા

ગામે સંઘને સુંદર વ્યવસ્થાઓ પૂરી પાડવામાં આવી હતી.

કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રબોધ મુનવરે કરેલ. વ્યવસ્થામાં ધનપતિ લોડાયા, દિનેશ મોતા, હીરાલાલ જીવાણી તથા સર્વે કાર્યકરોએ સહકાર આપ્યો હતો.

## છ'રી પાલક સંઘનું લાલા ગામે વાજતે સામૈયું થયું

સાહિત્ય સમ્રાટ, પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભ સાગરસૂરીશ્વરજી મ.સા. આદિ શ્રમણ - શ્રમણી વૃંદ સાથે શ્રી ગઢશીશા તીર્થથી સુથરી મહાતિર્થ અને દેઢીયા ગુણપાર્શ્વતીર્થોનો છ'રી પાલસ સંઘ પદયાત્રિકો સાથે લાલા તીર્થે પધારતાં શ્રી લાલા જૈન સંઘ દ્વારા વાજતે ગાજતે ભવ્યતિભવ્ય શાનદાર સામૈયું કરવામાં આવેલ. ઈન્દીરાબેન, રેશ્માબેન બેડાથી સ્વાગત કરેલ.

જિનાલયે દર્શન કરી ઉપાશ્રયે પહોંચી પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવેલ. સંઘપતિશ્રી તથા સંઘમાતાશ્રીનું શ્રી પ્રેમચંદભાઈ દંડ, હિરાચંદભાઈ મોમાયા, બાબુભાઈ મૈશેરી, હીરાચંદભાઈ માડણ, રાજુભાઈ મોમાયા તથા વિપુલભાઈએ બહુમાન કરેલ. છ'રી પાલક સંઘનાં સંઘપતિ પરિવાર દ્વારા પ્રેમચંદભાઈ દંડ, હિરાચંદભાઈ મોમાયા તથા બાબુભાઈ મૈશેરીનું પણ બહુમાન કરવામાં આવેલ.

પુજ્યશ્રીએ ધર્મનો મહિમા સમજાવી, અબડાસા જિનાલયો અને નૂતન પંચતીર્થીનાં વવાલાપરા જિનાલયોનું ઈતિહાસ સમજાવી ગામનાં પૂર્વજનોની યાદી તાજી કરાવી હતી. શ્રી લાલ જૈન મહાજનશ્રી દ્વારા રૂા. ૨૦ નું સંઘપૂજન કરાયું હતું. છ'રી પાલક વિશાળ સંઘ લાલા ગામે પધારતા સંઘમાં અનેરો આનંદ છવાયો હતો.

## માનવ જ્યોતની જહેમતથી સૂરતનાં ગુમવૃદ્ધ ભુજમાંથી મળ્યા

સૂરતનાં હંસાબેન મેઘજી ઘોઘારી ઉ.વ.૬૫ આ વૃદ્ધા અચાનક ભુજ તાલુકાનાં નારાણપર ગામે દેખાતાં નારાણપરનાં સેવાભાવી આગેવાનો શ્રી દયારામભાઈ પટેલ તથા મેઘજીભાઈ પટેલે આ મહિલાની પૂછતાછ કરી તેમને માનવજ્યોત સંસ્થા ભુજ સ્થળે પહોંચાડી હતી.

સંસ્થાંના શ્રી પ્રબોધ મુનવર તથા દિપેશ શાહે મહિલા પાસેથી તેના ઘરનું એડ્રસ મેળવ્યું હતું. અને સૂરતમાં રહેતા મિત્ર મેહુલ શરદ દંડને આ વૃદ્ધાનું ઘર શોધવાનું કહેતા તેઓશ્રી તાબડતોબ વૃદ્ધાનાં ઘર સુધી પહોંચ્યા હતા. પુત્રો વિનોદ તથા પરેશ માતુશ્રીને લેવા ભુજ આવવા રવાનાં થયા હતા.

તેઓએ જણાવ્યું હતું કે, ૨૪ દિવસથી માતાને શોધવા સૂરત વિસ્તારમાં ફરી વળ્યા હોવા છતાં ક્યાં એનો પતો મળ્યો ન હતો. કામ - ધંધા છોડી રાત દિવસ તેની શોધ ચલાવી રહ્યા હતા. આખરે અમારા માતુશ્રી ભુજમાંથી મળી ગયા હોવાથી અમારો પરિવાર ખુશી અનુભવે છે. ભુજ આવેલા બંને પુત્રોએ માનવજ્યોત સંસ્થાનો આભાર માન્યો હતો.

## કચ્છમાં એલ્યુમિના પ્લાન્ટ માટે ૧૦૦ હેક્ટર જમીન સંપાદિત

ખનિજક્ષેત્રની ગુજરાતની દિગ્ગજ કંપની ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (જીએમડીસી) એ કચ્છ જિલ્લામાં એલ્યુમિના પ્લાન્ટ માટે ૧૦૦ હેક્ટર જમીન સંપાદિત કરી છે.

આ પ્રોજેક્ટ માટે પહેલાં તબક્કામાં કુલ્લે ૪૦૦ હેક્ટર જમીનની જરૂર પડશે. કચ્છના માંડવી તાલુકા ખાતે નવરત્ન પબ્લિક સેક્ટર યુનિટ અને નેશનલ એલ્યુમિનિયમ કંપની લિ. (નાલ્કો) ના આ સંયુક્ત સાહસમાં પહેલાં તબક્કામાં એલ્યુમિના પ્લાન્ટ અને એલ્યુમિનિયમ શેલ્ટર પ્લાન્ટ ઊભો થશે. જેના માટે પહેલાં તબક્કામાં ૧૦૦ હેક્ટર જમીન સંપાદિત થઈ છે.

આ પરિયોજનાના પ્રથમ ચરણમાં એલ્યુમિના એકમ સ્થાપવામાં આવશે જેમાં ઓર બોક્સાઈટમાંથી એલ્યુમિનાને તારવવાનું કાર્ય કરવામાં આવશે. બીજા ચરણમાં એલ્યુમિનિયમ સમ્લેટર પ્લાન્ટ ઊભો કરશો. એલ્યુમિનિયમ સ્મ્લોટિંગ એ એવી પ્રક્રિયા છે કે જેમાં એલ્યુમિનિયમ સત્ત્વને તારવવામાં અવતું હોય છે. વધુ ૩૦૦ હેક્ટર ભૂમિને સંપાદિત કરવાની પ્રક્રિયામાં છીએ એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

*- લબ્ધિ મોમાયા*

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુંડની સુવર્ણ જયંતિ નિમિત્તે યોજાયેલ સિદ્ધચક્ર મહાપૂજનમાં અને મહાકાળી માતાજીની વિશેષ ભાવનામાં મોટી સંખ્યામાં ભાવિકો સહભાગી થયા







શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુંડની સુવર્ણ જયંતિ નિમિત્તે રવિવાર તા. ૨૩.૧૧.૧૪ના સવારનાં મુલુંડ પશ્ચિમ ઝવેર રોડનાં વાસુપૂજ્ય જિનાલયમાં સવારે યોજાયેલ સિદ્ધચક્ર મહાપૂજનમાં અને રાતે યોજયેલ મહાકાળી ભાવનામાં મોટી સંખ્યામાં ભાવિકો સહભાગી થયા હતાં.

આ સિદ્ધચક્ર મહાપૂજનનો સંપૂર્ણ લાભ માતુશ્રી જયાબેન શાંતિલાલ ખોના પરિવાર (તેરા) તેમજ એક સદ્‌ગૃહસ્થ પરિવારે લીધો હતો. મહાપૂજનની વિધિઓ સુશ્રાવક વિશાલભાઈ પંડિત અને તેમની મંડળીએ કરાવી હતી.

પૂજનમાં મુખ્ય લાભાર્થી પરિવારો ઉપરાંત ૨૦ દાતા પરિવારો અને મંડળના ૧૨ આગેવાન દંપત્તિઓ સહભાગી થયા હતાં.

આ પ્રસંગોએ નિશ્રા આપવા માટે યતિશ્રી મોતીસાગરજી મ.સા. તેમજ પ.પૂ.સાધ્વીશ્રી સુશીલગુણાશ્રીજી મ.સા. આદિઠાણા પધાર્યા હતા. સુશ્રાવક રાયચંદ હંસરાજ ધરમશી તેમજ મુલુંડ શ્વેતાંમ્બર મૂ.પૂ.જૈન સંઘના પ્રમુખ તથા ટ્રસ્ટીગણ વિશેષ રીતે ઉપસ્થિત રહ્યાં હતાં. અનુષ્ઠાનોની અનુમોદના કરવા માટે આશરે ૧૦૦૦થી વધુ લોકો ઉપસ્થિત હતાં. બધા ભાવિકોની સાધર્મિક ભક્તિ માટે પરંપરાગત પંગત પ્રમાણે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી.

મહાકાળી ભાવનાના મુખ્ય દાતા થવાનો લાભ માતુશ્રી રતનબેન કાંતિલાલ દામજી મોતા પરિવાર (ટિકીટાર) ગામ રાયધણજરએ લીધો હતો. શ્રી કિશોર મનરાજા એન્ડ પાર્ટી સાથે હંસકુમાર મૈશેરી અને અલ્પા શાહએ ભાવવાહી રીતે રમઝટ બોલાવી હતી.

આ પ્રસંગોએ વાસુપુજ્ય જિનાલયમાં વિશેષ અંગરચના કરવામાં આવી હતી.

માતાજીનું ચાંદીનું મંદિર અનંતનાથ જિનાલયમાંથી આ પ્રસંગની શોભા વધારવા માટે ખાસ લાવવામાં આવ્યું હતું.

ભાવનામાં ૫૫૦થી વધુ ભાવિકો સહભાગી થયાં હતાં અને તેમણે પણ ભાવપૂર્વક ભક્તિગીતોને ઝીલ્યા હતા. છેલ્લે સમાપન રૂપે કમિટીના સભ્યો, દાતા પરિવાર તેમજ ભાવિકો મનમુકીને ગરબા રમ્યા હતાં. વાસુપૂજ્ય જિનાલયમાં ૪૭ વર્ષથી થતી આવતી મહાકાલી માતાજીની ભાવનાએ મંડળનાં સુવર્ણ જયંતી મહોત્સવનાં ભાગરૂપે ખરા અર્થમાં સ્વર્ણિમ સ્વરૂપ ધારણ કર્યું હતું.







**નવા/બદલાયેલા સરનામા –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ગુલાબચંદ અરજાણ મોતા** | ૪૦૩/૨બી, વિઘ્નહર કોમ્પલેક્સ, પ્લોટ નં એફ-૭૨, સેક્ટર -૧૨, ખારઘર, નવી મુંબઈ - ૪૧૦૨૧૦ |
| **સચીન ગીતા જીતેન્દ્ર લોડાયા** | રૂમ નં ૧, ગ્રાઉન્ડ ફ્લોર, અંબિકા ભવન, અઁબા દેવી મંદિરની પાછળ, મદ્રાસી મંદિર, કોપર રોડ, ડોંબિવલી (પ) - ૪૨૧૨૦૨ |
| **કિશોર તેજપાલ લોડયા(શાહ)** | ફ્લેટ નં ૧૦૦૨, ૧૦મે માળે, પી-૬ બિલ્ડીંગ, એમ્પાયર ઈસ્ટેટ, પુના-મુંબઈ રોડ, ચિંચવડ-પુના-૪૧૧૦૧૯ |
| **હેમંત પદમશી લોડયા** | સી-૫૦૩, સાગ્રીલા ગોરવા લેકની સામે, વડોદરા -૩૯૦૦૦૩ |
| **નિલેશ અમૃતલાલ મોમાયા** | ઈ/૪૦૧, કલ્પતરૂ રેજેન્સી -૨, કલ્યાણી નગર, પુણે-૪૧૧૦૦૬ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧.૦૮.૧૪ | ડોંબિવલી | કાવ્યા-સેજલ/વિમલ જયચંદ ગોશર | બાયઠ | પુત્રી |
| ૨૪.૦૮.૧૪ | મુલુંડ | હિયાન-મિત્તલ/જયકીન કિરણ લોડયા | મજંલ | પુત્ર |
| ૨૫.૧૦.૧૪ | મુલુંડ | તનય-જ્યોતિ/નિલેશ દંડ | સાંધાવ | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૧૧.૧૪ | સેંધવા | પ્રકાશ ગુલાબ ખોના | નલીયા | ૨૬ |
| | હુબલી | ખુશ્બુ ચંદ્રકાંત લોડાયા | રાપર | ૨૬ |
| ૨૬.૧૧.૧૪ | કાંદિવલી | સુશીલ દિનેશચંદ્ર ધનજી ડાઘા | દલતુંગી | ૩૨ |
| | ચિંચવડ-પુના | દિપ્તી દામજી કુંવરજી લાલકા | બાંઢીયા | ૨૯ |
| ૨૬.૧૧.૧૪ | ચેમ્બુર | પરાગ મોતીલાલ ભવાનજી ધરમશી | જસાપર | - |
| | વિક્રોલી | બિજલ દિપક હસમુખરાય શાહ | મોરબી | - |
| ૨૫.૧૧.૧૪ | ઘાટકોપર | ભાવેશ નવીન ધનજી દંડ | કોઠારા | ૩૩ |
| | મુલુંડ | જીગ્ના લલિતકુમાર લક્ષ્મીચંદ લાપસીયા | રવા | ૨૮ |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૧૧.૧૪ | બેંગલોર | પ્રતિક તરૂણ શામજી લોડાયા | સુથરી | ૨૫ |
| | મયસોર | ઉવર્શી દિલીપ પ્રાણલાલ વોરા | અંજાર | ૨૩ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧.૧૧.૧૪ | ડોંબિવલી | ગંગાબાઈ વિશનજી ધનજી ખોના | તેરા | ૬૫ |
| ૨૧.૧૧.૧૪ | ઠાકુર્લી | સુર્યકાંત રામજી વેલજી કુરૂવા | ગોંધરા | ૭૨ |
| ૨૩.૧૧.૧૪ | બેલ્લારી | સોમચંદ ધનજી ખીમજી મુનવર | જખૌ | ૮૧ |
| ૨૬.૧૧.૧૪ | જામનગર | વાલજી વિશનજી લખમશી નાગડા | રાપર | ૭૦ |
| ૨૭.૧૧.૧૪ | મલકાપુર | દેવકુંવરબેન જવેરચંદ માણેકજી મૈશેરી | જખૌ | ૮૯ |
| ૨૫.૧૦.૧૪ | દલતુંગી | મુકેશ શરદચંદ્ર લાપસીયા | ડોંબિવલી | - |

**ભૂલ સુધાર : પ્ર સના અકં નં. ૪૫ માં 'ચર્ચાને ચોતરે'માં 'વાહ અળશી વાહ' ના શીર્ષક હેઠળ વડોદરાના શરદભાઈ ડી. મહેશ્વરીના અભિપ્રાય પત્રમાં 'મલકાપુર' લખાયું છે તે 'માંજલપુર' વડોદરા વાંચવું.**

॥ ॐ ह्रीं अर्हं नमः ॥

# શ્રધ્ધાંજલિ

જીવન જેઓ જીવી જાણ્યા,
મરણને જેઓ જીતી જાણ્યા,
એવા વ્રતધારી સુશ્રાવિકા

જખૌ  ઘાટકોપર

## ઈન્દિરા જયંતિલાલ વીકમશી

દેહવિલય : સોમવાર તા. ૧૭–૧૧–૨૦૧૪

૨૨ વર્ષથી 'મુક્તિ કૃપા' નું સફળ સંપાદન કરી માનદ્ સેવા અર્પનાર...
શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્જ્ઞાનના અભ્યાસક્રમના મુંબઈના પ્રતિનિધિત્વના
સફળ સુકાની બનનાર
શ્રીમતી ઈન્દીરાબેન જયંતીલાલ વિકમશીના જીવન સુકૃતોની હાર્દિક અનુમોદના.

પરમ કૃપાળુ પરમાત્મા એમના આત્માને
પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.

લી.
શ્રી શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ (કર્ણાટક-હુબલી)
શ્રી પાર્શ્વજય ચેરીટેબલ ટ્રસ્ટ (મહારાષ્ટ્ર-માલેગાંવ)

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 | day of publication every Monday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# શ્રધ્ધાંજલિ



જન્મ :
તા. ૨૪.૧૧.૧૯૩૩

સ્વર્ગવાસ :
તા. ૨૩.૧૧.૨૦૧૪
ઉમર વર્ષ - ૮૧

## શ્રી સોમચંદ ધનજી મુનવર

(કચ્છ : જખૌ) હાલ બેલ્લારી (કર્ણાટક)

આપની ચિરવિદાય અને બીજા જ દિવસે જન્મ દિવસ,
આપના સમસ્ત પરિવારના હૃદયને અત્યંત શોક મગ્ન બનાવતા, કુદરત અત્યંત સફળ બનવા છતાંય,
આપના જેવા પરિવારના પ્રેમીવડિલનું નિધન થતાં, દુઃખદ પરિવારના સભ્યોએ, આપની નિખાલસ પ્રકૃતિ,
સુંદર - પ્રેમાળ વ્યવહાર અને સદૈવ હસમુખા વ્યક્તિગત પ્રત્યે ભાવપુર્વક શ્રદ્ધા સુમન અર્પણ કરનાર.

ધર્મપત્નિ : નવલબાઈ સોમચંદ મુનવર
પુત્રો : ચેતન, રાજેશ અને ભરત
પુત્રવધુઓ : સૌ. પ્રિતિ, સૌ. હિના અને સૌ. જ્યોતિ
પુત્રી જમાઈ : સૌ. ચંદ્રલેખા ગૌતમ મોમાયા, જામનગર (કચ્છ - સાંયેરા)
સૌ. નયના વીરેશ લોડાયા, બેંગલોર (કચ્છ - વંઢી)
પૌત્ર : ચિંતન - જતીન - યશ - પ્રતિક
પૌત્રી : ભક્તિ - કિરણ
દોહીત્ર : કેવલ - સાવન
દોહીત્રી : પ્રિયંકા જીતેન્દ્ર સોની
દોહીત્રવધુ : સૌ. જીનલ કેવલ મોમાયા, જામનગર
પર દોહીત્ર : કરન કેવલ મોમાયા

**શ્રી ધનજી ખીમજી મુનવર (કચ્છ - જખૌ) પરિવાર**
**શ્રી ધનજી ઘેલાભાઈ સોની (કચ્છ - જખૌ) પરિવાર**

ફર્મ : ચેતન રોડવેઝ, બેલ્લારી 09448070194 / 09844433884

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,